ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી



## ઉત્તર ગુજરાતમાં ધો.૧૦ના ૧.૨૫ લાખ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન

### ધો.૧૧માં પ્રવેશની વિકરાળ સમસ્યા, માસ પ્રમોશનથી મેરીટ વિદ્યાર્થીઓ નિરાશ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪ કોરોનાનું વધતું સંક્રમણ બોર્ડ પરીક્ષા દરમ્યાન વિકરાળ સ્વરૂપ ધારણ કરશે તેવી ધારણાથી રાજ્ય સરકારે ધો.૧૦ના નિયમિત વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા રદ કરી માસ પ્રમોશનનો નિર્ણય લીધો છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૧,૨૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો લાભ મળ્યો છે જેથી ધો.૧૧ માં પ્રવેશની વિકરાળ સમસ્યા સાથે શિક્ષકોની અછત પણ સમસ્યા સર્જી શકે છે. માસ પ્રમોશનથી શાળા સંચાલકો લાલઘુમ બન્યા છે. જ્યારે મેરીટ વિદ્યાર્થીઓ પણ નિરાશ થયા છે. સરકાર અને શિક્ષણ વિભાગે એમ.સી.ક્યુ. આધારીત પરીક્ષાનું આયોજન કર્યું હોત તો તેની વિપરીત અસર ન પડત તેવો સાર્વત્રિક મત કેટલાક વાલીઓએ વ્યક્ત કર્યો છે.

મે. મહિનામાં યોજાનારી બોર્ડ પરીક્ષા કોરોનાના કારણે મુલત્વી રહી હતી અને તા.૧૫ મે. પહેલાં કોઈ યોગ્ય નિર્ણય લેવાનું જાહેર થયું હતું ત્યારે ગત રોજ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલી કોર કમીટીની બેઠકમાં ધો.૧૦માં અભ્યાસ કરતા નિયમિત વિદ્યાર્થીઓને ૧ વર્ષ માટે માસ પ્રમોશન આપવાનો નિર્ણય કરાયો છે. વાલી મંડળે માસ પ્રમોશન અંગે રજૂઆત કરી હતી તે મુદ્દો પણ ચર્ચામાં હતો. આમ રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર બોર્ડ પરીક્ષામાં માસ પ્રમોશનનો નિર્ણય લેવાયો છે તે કેટલો યોગ્ય છે..?? તે આવનાર સમયે ખ્યાલ આવશે. પરંતુ બોર્ડ પરીક્ષા આપ્યા વગર જ ધો.૧૧માં માસ પ્રમોશન મળતાં અનેક વિદ્યાર્થીઓ મલકાયા છે પરંતુ ધો.૯માં હતા ત્યારથી જ ધો.૧૦ બોર્ડ પરીક્ષાની તૈયારી કરનારા હજારો મેરીટ છાત્રો સરકારના માસ પ્રમોશનના નિર્ણયથી નિરાશ થવાની સાથે કેટલાક છાત્રો રડી પડ્યા હતા.

**ધો.૧૧માં પ્રવેશ માટે સમસ્યા..**

ધો.૧૦ બોર્ડ પરીક્ષાનું ૫૫ થી ૬૫ ટકા પરિણામ આવે તો પણ ધો.૧૧માં પ્રવેશ માટે અનેક શાળાઓમાં સમસ્યા સર્જાતી હતી પરંતુ કોરોનાના કારણે રાજ્ય સરકારે તમામ રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી ધો.૧૧ના ઉપલા વર્ગમાં ચઢાવી દેતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવેશ માટે અંધાધૂંધી થઈ શકે છે કારણ કે અનેક શાળાઓ પાસે સિમિત ઓરડા છે, સરકાર કોઈ વધારાની ગ્રાન્ટ આપતી નથી, માધ્યમિકની સાથે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં છેલ્લા ૫ વર્ષથી વિષય શિક્ષકોની અછત છે. આ બધું જોતાં ધો.૧૧માં પ્રવેશ સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે છે.

**માસ પ્રમોશન : સામાન્ય-વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશની અંધાધૂંધી..**

રાજ્ય સરકારે કોરોનાના કારણે ધો.૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો નિર્ણય કર્યા પછી ક્યાંક આવકાર તો ક્યાંક વિરોધ જોવા મળી રહ્યો છે. માસ પ્રમોશનથી સામાન્ય કે વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ બાબતે અંધાધૂંધી સર્જાઈ શકે છે. અનેક કેળવણીકારોએ રાજ્ય સરકારના નિર્ણયને ઉતાવળીયો નિર્ણય ગણાવ્યો છે. જ્યારે ખાનગી શાળા સંચાલક મંડળે સરકારના આ નિર્ણયથી ધો.૧૧માં પ્રવેશનો મુદ્દો વિકરાળ સમસ્યા ધારણ કરી શકશે. સરકારે આ બાબતે નિર્ણય લેતા અગાઉ અભિપ્રાય લેવાની જરૂર હતી તેવો મત પણ સામે આવી રહ્યો છે.

## યુવાનોને શરમાવે તેવી હિંમત, બાયડના દરજી દંપતિ કોરોનાને હરાવી સ્વસ્થ બન્યું

### જીંદગી અમૂલ્ય છે, કોરોનાથી સાવધાની જરૂર રાખજો, માસ્ક પહેરવાનું ભૂલશો નહીં - સૌને સલાહ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪ કાળમુખા કોરોનાએ અનેક યુવાઓનો ભોગ લીધો છે. કોરોના થાય એટલે હિંમત હારવી ન જોઈએ, શરીરમાં ઈમ્યુનિટી જળવાય તેવો ખોરાક અને હકારાત્મક વિચારો, ડાૅક્ટર દ્વારા આપવામાં આવેલી દવાઓ અને ગાઈડલાઈનનો અમલ કરવામાં આવે તો ઝડપથી સ્વસ્થ થઈ જવાય છે. બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક જેઠાભાઈ દરજી અને મંજુલાબેન દરજી(ઉ.૭૪ વર્ષ) માત્ર ૮ દિવસમાં કોરોનાને હરાવી સ્વસ્થ બન્યા છે. તેઓએ કોરોના સામે જંગ લડી રહેલી પ્રજાને જીંદગી અમૂલ્ય છે, કોરોનાથી સાવધાની જરૂર રાખજો, માસ્ક પહેરવાનું ભૂલશો નહીં, અનિવાર્ય હોય તો જ બહાર નિકળજો તેવી વડીલ તરીકે સૌને શીખામણ આપી છે.



બાયડ તાલુકાની જીતપુર હાઈસ્કુલના શિસ્તબદ્ધ શિક્ષક તરીકેની અનોખી છાપ, સૌને આત્મિય બનાવી દે તેવું વ્યક્તિત્વ, ૭૪ વર્ષની વય છતાં સવાર-સાંજ નિયમિત વોકીંગ, અને ળી સમયમાં સારા પુસ્તકોનું વાંચનને જીવનનો મંત્ર બનાવનાર જેઠાભાઈ દરજી કોરોનાથી સંક્રમિત થયા. એકાદ-બે દિવસ બેચેની લાગી, સીટીસ્કેન રિપોર્ટ કાઢવામાં આવ્યો જેમાં કોરોનાનો ચેપ હોવાનું જણાયું. તેમનાં પત્નિ મંજુલાબેન પણ અસ્વસ્થ થયા, એન્ટિજન ટેસ્ટ કરવામાં આવ્યો તેમને પણ કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતાં સ્થાનિક ડાૅક્ટરની સલાહ લેવામાં આવી પરંતુ હોસ્પિટલમાં બેડ ન હોવાના કારણે આખરે તાબડતોબ ઈડરમાં રહેતા પુત્ર વિપુલભાઈ દરજીના ત્યાં પહોંચ્યા. યુનિટી હોસ્પિટલ-ઈડરમાં સારવાર શરૂ કરવામાં આવી. ડાૅક્ટરોએ આપેલી સલાહ મુજબ સવાર, બપોર, સાંજ દવાઓનું સેવન અને ઈમ્યુનિટી વધારે તેવા પ્રવાહી ના કારણે દરજી દંપતિએ માત્ર ૮ દિવસમાં કોરોનાને હરાવીને સ્વસ્થ બન્યા છે. બાયડ અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પાછલા ૧ મહિનામાં ૬૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. જે લોકો સાજા થયા છે તેમને પણ અશક્તિ સહિત અનેક નાની-મોટી બિમારીની ફરિયાદ છે પરંતુ બાયડના દરજી દંપતિએ જે રીતે કોરોનાનો મક્કમતાથી સામનો કરી પરાસ્ત કર્યો તે જોઈને સૌ કોઈ દંગ બન્યા છે.



**અખાત્રીજ : સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાના કારણે જ્વેલર્સ બજારમાં ઘરાકી અદ્રશ્ય**

શુક્રવારે અખાત્રીજ હતી પરંતુ કોરોનાના કારણે સમૂહ લગ્ન, ગૃહ પ્રવેશ, વાહન ખરીદી વગેરે ઉપર કોરોનાની અસર જોવા મળી. જ્યારે ઝવેરી બજારમાં અખાત્રીજના દિવસે ઘરાકી જામશે તેવી આશા પણ ઠગારી નિવડી છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં ઝવેરીઓએ અખાત્રીજના દિવસે ધંધાના સ્થળ દિપાવ્યા પરંતુ જ્વેલર્સ બજારમાં ઘરાકી જ જોવા ન મળી. અનેક ઝવેરીઓએ જણાવ્યું કે અમે સમજણના થયા ત્યારથી અત્યાર સુધીમાં પ્રથમવાર અખાત્રીજના દિવસે અમારે ગ્રાહકોના આગમનની રાહ જોવી પડી હતી. તા.૧૪ મે. ના રોજ અખાત્રીજ હોવાથી ખેડૂતોએ ધોમધખતા તાપ અને અસહ્ય બફારા વચ્ચે હળોતરા કરી ઘરે કંસારના ભોજન આરોગ્યા પરંતુ ખાસ કરીને ઝવેરી અને ઓટો બજાર માટે અખાત્રીજનું પર્વ અત્યંત નિરસ સાબિત થયું છે. બાયડ, ધનસુરા, મોડાસા, ઈડર, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, વડાલી, પોશીના અને લાંબડીયાના અનેક ઝવેરીઓના જણાવ્યા અનુસાર જોઈએ તેવી ઘરાકી અખાત્રીજના દિવસે જોવા મળી નથી. અનેક જ્વેલર્સને તો અખાત્રીજના દિવસે બોંણી પણ થઈ નથી. લાગે છે કે કોરોનાએ હવે તમામ ધંધા-રોજગારની કેડ ભાંગી નાખી છે.

## માનવતા મરી પરવારી : વાત્રક સ્મશાન ગૃહમાં મૃતદેહ મૂકવાના ૨૦૦૦ ખંખેરાયા

### મફતમાં લાકડાંની સુવિધા છતાં પૈસા ખંખેરનારા લેભાગુ કોણ..?? તંત્ર માનવતા દાખવી તપાસ કરે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪ બાયડ તાલુકાના વાત્રક સ્મશાન ગૃહમાં કોરોનાગ્રસ્ત મૃતદેહને સઘડી ઉપર મૂકવાના રૂ.૨૦૦૦-૨૦૦૦ ખંખેરાતા હોવાની માનવતાને શર્મસાર કરે તેવી વિગતો સામે આવતાં હલચલ મચી ગઈ છે. કેટલાક સેવાભાવિઓ દ્વારા વાત્રક સ્મશાન ગૃહમાં મફત લાકડાંની સુવિધા ઉભી કરવામાં આવી છે તો પછી પૈસા ખંખેરનારા લેભાગુઓ કોણ..?? તંત્રએ માનવતા દાખવી તપાસ કરવી જોઈએ તેવી અનેક સંવેદનશીલ લોકોએ માંગ કરી છે.



છેલ્લા કેટલાક સમયથી બાયડ તાલુકા તેમજ વાત્રકની સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના મૃત્યુદરમાં ઉછાળો આવ્યો છે. દરરોજ ૪ થી ૬ શબના વાત્રક સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર થઈ રહ્યા છે. એક મહિના અગાઉ વાત્રક સ્મશાન ગૃહમાં શબ લઈને આવેલા કેટલાક લોકોને લાકડાં ન મળતાં જે રઝળપાટ કરી તે જોઈ બાયડના યુવાને વાત્રક સ્મશાન ગૃહમાં ૫૦૦ મણ લાકડાં ઠાલવ્યાં હતાં ત્યાર પછી અન્ય રાષ્ટ્રવાદી સંસ્થા અને સેવાભાવિઓએ પણ ઉદાર હાથે ફાળો આપી લાકડાંની સુવિધામાં મદદગાર થયા જેના કારણે વાત્રક સ્મશાન ગૃહમાં શબના અંતિમ સંસ્કાર માટે લાકડાંનો યોગ્ય જથ્થો એકત્ર કરવામાં આવ્યો છે પરંતુ કહેવાય છે કે તાજેતરમાં ગ્રામ્ય વિસ્તારના કોરોનાગ્રસ્ત દર્દીનું મોત થયા પછી સ્વજન શબને લઈને સ્મશાન ગૃહમાં પહોંચ્યાં ત્યાં રૂ.૨૦૦૦ આપો તો જ શબને સઘડી ઉપર મૂકીએ તેવું જણાવતાં પોતાનું સ્વજન ગુમાવનારે હળાહળ કળીયુગના કાળા માથાના માનવીઓને નજર સમક્ષ નિહાળ્યા આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં ૨૦૦૦ રૂ.આપ્યા પછી શબને સઘડી ઉપર મૂક્યું. ત્યારે સવાલ એ થાય છે કે મફત લાકડાંની સુવિધા હોવા છતાં રૂ.૨૦૦૦ ખંખેરવાનો ખેલ કોને શરૂ કર્યો છે..??

## શાબાસ તંત્ર : અરવલ્લી આરોગ્ય વિભાગ પાસે મ્યુકરમાઈકોસિસ કેસની જાણકારી નથી

### કહ્યું ૩ કેસ સસ્પેક્ટેડ હોઈ શકે : બાયડના દર્દીએ આંખ ગુમાવ્યાની ચર્ચા..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪ કોરોના સામે લડત લડતા આરોગ્ય તંત્ર માટે મ્યુકર માઈકોસિસની બિમારીએ ઉંઘ હરામ કરી દીધી છે. અરવલ્લી આરોગ્ય વિભાગ પાસે મ્યુકર માઈકોસિસ કેસની જાણકારી નથી. વધુ પૂછપરછ કરતાં કહ્યું કે ૩ કેસ સસ્પેક્ટેડ હોઈ શકે..!! ગુજરાત સરકાર અને તેનો આરોગ્ય વિભાગ મ્યુકર માઈકોસિસ રોગચાળા સામે બહારવટે ચઢ્યો છે ત્યારે જિલ્લાના આરોગ્ય વિભાગ પાસે વિગતો ન હોય તે બાબત નિરાશાજનક છે. બાયડના દર્દીએ રોગના કારણે આંખ ગુમાવ્યાની ચર્ચા છે. જો કે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આવી જાણકારી ન હોવાનું જણાવ્યું છે.

ઉત્તર ગુજરાતમાં કોરોના કરતાં પણ મ્યુકર માઈકોસિસ રોગનો ભય વધ્યો છે. ભલે આરોગ્ય તંત્ર તેના ઉપર પણ ઢાંકપીછોડ શરૂ કરે. પરંતુ સ્થિતિ વધુ ચિંતાજનક છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કોરોનાગ્રસ્ત અનેક દર્દીઓ મ્યુકર માઈકોસિસ જેવા રોગના ખપ્પરમાં પટકાયા છે. શરૂઆતમાં તો રેમડેસિવિર ઈન્જેક્શન લીધા પછીની આડઅસર હશે તેવી આશંકા વ્યક્ત કરી પરંતુ દિવસો પસાર થયા તેમ રોગચાળાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને છેવટે ખુદ ગુજરાત સરકારને પણ મ્યુકર માઈકોસિસના દર્દીઓની સારવાર માટે અલાયદા બેડ ઉભા કરવાની ફરજ પડી છે. અરવલ્લી જિલ્લામાં ૧ ડઝનથી વધુ મ્યુકર માઈકોસિસના કેસ હોવાની સંભાવના છે. મોટાભાગના દર્દીઓ અમદાવાદની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે તો કેટલાકને સ્થાનિક આરોગ્ય તંત્રની નિગરાની હેઠળ સારવાર શરૂ કરવામાં આવી છે પરંતુ જૂઠ બોલવામાં માહેર જિલ્લા આરોગ્ય વિભાગે અખાત્રીજના દિવસે જ જણાવ્યું કે આવા કેસ અંગેની જાણકારી નથી અમે દરેક તાલુકામાં પત્ર લખ્યા છે પરંતુ જવાબ મળ્યો નથી. પરંતુ ૩ જેટલા કેસ સસ્પેક્ટેડ હોવાનું અનુમાન છે.

## મેઘરજમાં શટલિયાં વાહનથી એસ.ટી.ની આવકને અસર

મેઘરજ, તા.૧૪ મેઘરજ તથા તેના ગ્રામ્ય વિસ્તારોમાં શટલિયાં વાહનથી એસ.ટી.ની આવકને અસર થઈ રહી છે. બસ મથકની આસપાસ શટલિયાં વાહનો ઉભાં હોવા છતાં એસ.ટી. ડેપોના જવાબદારો અને પોલીસ આંખ આડા કાન કરતાં મુસાફરોને જોખમી મુસાફરી કરવાની ફરજ પડે છે. કેટલાક કિસ્સાઓમાં એસ.ટી. નિગમે ઓછી આવકના બહાના હેઠળ ગ્રામ્ય વિસ્તારની પ્રજા માટે અનિવાર્ય એવા રૂટ રદ કરતાં શટલિયાં વાહનોને ફાયદો થયો છે.

જિલ્લામાં પોલીસ તંત્ર કડકાઈ દાખવે તો એસ.ટી.ની સમાંતરે દોડતાં વાહનો સામે કાર્યવાહીથી આવકમાં તોતિંગ વધારો થઈ શકે છે. જિલ્લાના મોડાસા, બાયડ, ભિલોડા, મેઘરજ સહિતના બસ મથક આસપાસ તંત્રની નજર સમક્ષ જ મુસાફરો ખાનગી વાહનોમાં લઈ જવાની સાજીશ વર્ષોથી ચાલી રહી છે. બૃહદ સાબરકાંઠા વખતે જિલ્લા પોલીસ વડાએ કડકાઈ દાખવી પોલીસ કર્મીઓના સગાઓના વાહનો મુસાફરો ભરીને દોડતા હશે તો કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી પરંતુ તે માત્ર ૨-૪ દિવસ અસરકારક સાબિત થઈ.

### ઇડર તાલુકાના કડીયાદરા ગામે કોરોનાની

## મહામારીને નાથવા ગાયત્રી પરિવાર અને આર.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા મહાયજ્ઞ

### આખા ગામમાં ટ્રેક્ટરમાં હવન કુંડ લઈ શોભાયાત્રા કાઠવામાં આવી : રામજી મંદિર ખાતે મહાયજ્ઞ કરાયો

ઈડર તા.૧૫ કોરોના ની મહામારી સામે આખા વિશ્વનું મેડિકલ સાયન્સ ઘૂંટણિયે પડી લાચાર બન્યું છે ગામે રામજીમંદિર ખાતે મહાયજ્ઞ કરવામાં આવો હતો.

કોરોના નો બીજી લહેરે શહેરો અને ગામડાઓમાં તાંડવ નો માર્ગ અપનાવી વધુ ફેલાતો અટકાવવા દેશી ઔષધિઓનો ઉપયોગ કરી મંત્રોચ્ચાર સાથે યજ્ઞ ધ્વરા હવામાં જ તેના નાશ કરવા આવ્યો .જેમાં આખા ગામમાં ટ્રેક્ટર ધ્વરા હવન કુંડ ફેરવી મંત્રોચ્ચાર કરી ,ગામના રામજી મંદિર ખાતે મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો.



,ત્યારે ભારતીય વૈદિક પ્રથા ધ્વરા હવન કરી વાતાવરણ શુદ્ધ કરવા અને હવામાં જ કોરોના જેવા વાઈરસ ને ખતમ કરવાના ઉદ્વેશ સાથે ઈડર તાલુકાના કડીયાદરા મચાવ્યો છે.ગામે ગામ કોરોના ના દર્દી થી ઉભરાવા મંડ્યા છે.સરકારી દવાખાનાઓમાં જગ્યા નથી, ઓક્સિજન નથી. ત્યારે લોકો કોરોના સામે લડવા આધ્યાત્મિકતા ગામડાઓમાં મહાયજ્ઞો કરી રહ્યા છે.ત્યારે ઈડર તાલુકાના કડીયાદરા ગામ માં આજે ગાયત્રી પરિવાર ની બહેનો અને આર.એસ. એસ. ના સ્વંય સેવકો ધ્વરા મહાયજ્ઞ કરવામાં ઈડર તાલુકાના ગામે ગામ નાના મોટા હવનો કરી દેશી ઔષધીય નો હોમ કરી ભારતીય વૈદિક સંસ્કૃતિ સાથે કોરોના ની મહામારી ને નાથવાના પ્રયત્નો કરાઈ રહ્યા છે.

### સરકારની કરાર આધારીત ભરતી જોખમી

## ગોધરામાં ઘરમાં સંતાડી રાખેલ એન્ટિજન ટેસ્ટ કિટ સાથે ફાર્માસીસ્ટ ઝડપાયો

### રેમડેસિવિર ઈન્જેક્શન શોધવા ગયેલી એસ.ઓ.જી. ટીમને બગાસુ ખાતાં મોંઢામાં પતાસું પડ્યા જેવો ઘાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪ સરકાર દ્વારા બેરોજગારી દૂર કરવાના બદલે કરાર આધારીત ભરતીથી વિવિધ વિભાગોમાં કામ ચલાવાઈ રહ્યું છે અને આવા કર્મચારીઓ કૌભાંડ આચરે એટલે માત્ર છૂટા કરી દેવામાં આવે છે પરંતુ કોઈ શિક્ષાત્મક પગલાં ભરી શકાતાં નથી. વેજલપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કરાર આધારીત ફરજ બજાવતા ફાર્માસીસ્ટ રીજવાન એહમદભાઈ જમાલ રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરી રહ્યો છે તેવી બાતમી આધારે ગોધરા એસ.ઓ.જી. પોલીસે તપાસ શરૂ કરી હતી. પરંતુ તપાસ માટે પહોંચેલી ટીમને બગાસું ખાતાં મોંઢામાં પતાસું પડ્યું હોય તે રીતે કરાર આધારીત કર્મચારીના ઘરેથી કોરોના ટેસ્ટ માટેની એન્ટિજન ટેસ્ટ કિટનો મોટો જથ્થો મળી આવતાં પોલીસે તેની તપાસ હાથ ધરી છે.

રાજ્યમાં આરોગ્ય વિભાગના અનેક કર્મચારીઓ દવાઓ તથા ઈન્જેક્શન સગેવગે કરતા હોવાના ગંભીર આરોપ લાગેલા છે કેટલાક કિસ્સાઓમાં આક્ષેપ તથ્ય વિહોણા પણ હોય છે ત્યારે મધ્ય ગુજરાતના વેજલપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કામગીરી કરતો ફાર્માસીસ્ટ રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર તેમજ તેના ઘરે પૈસા લઈને એન્ટિજન ટેસ્ટ કરતો હોવાની ફરિયાદ ઉઠી હતી. જેના કારણે એસ.ઓ.જી. પોલીસે ગોધરાના મીઠીખાન મહોલ્લામાં ઓચિંતિ તપાસ હાથ ધરતાં રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો તો ન મળ્યો પરંતુ રાજ્યમાં એન્ટિજન ટેસ્ટ કિટની અછત છે તેની ૧૩૫ કિટ મળી આવતાં પોલીસની આંખો પહોળી થઈ ગઈ હતી. ગોધરા બી-ડીવીઝન પોલીસે આરોપી પાસેથી રૂા.૨.૦૨ લાખની કિંમતની કિટ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. તપાસ દરમ્યાન અનેકની સંડોવણી બહાર આવે તેવી સંભાવના છે.

## પરશુરામ જયંતિ : જિલ્લામાં બ્રાહ્મણોએ ઘરે દિપ પ્રગટાવી સાદગીપૂર્વક ઉજવણી કરી

શુક્રવારે કોરોનાના ભય વચ્ચે પરશુરામ જયંતિની સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બ્રાહ્મણ પરિવારોએ સાદગીપૂર્વક ઉજવણી કરી હતી. સમી સાંજે ઘરે દિપ પ્રગટાવ્યા હતા અને પૂજા અર્ચન કરી હતી. કોરોનાના કારણે સ્થિતિ વણસે નહીં તે માટે આ વર્ષે શોભાયાત્રાનું જાહેર આયોજન કરાયું ન હતું. પોતાના ઘરે પરશુરામ જયંતિ ઉજવતા બ્રાહ્મણોએ ગુજરાત અને વિશ્વ કોરોનાથી મુક્ત થાય તે માટે દિપ પ્રગટાવી પ્રાર્થના કરી હતી અને કોરોનાના કારણે મૃત્યુ થયા છે તેવા સદ્‌ગત આત્માઓને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવી હતી. જગતના આરાધ્ય દેવ વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર ગણાતા ભગવાન પરશુરામની જન્મ જયંતિ કોરોનાના કારણે સાદગીપૂર્વક કરવામાં આવી હતી.